# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર

### પરિપત્ર

**વિષય: શૈક્ષણિક/બિન-શૈક્ષણિક સંવર્ગના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓને પાસ કરવાની હિન્દી પરીક્ષા/લાગુ પડતી ભાષા/CCC/CCC+ પરીક્ષાઓ બાબત...**

યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, વહીવટી અધિકારી/કર્મચારીઓ ને જણાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા કર્મચારીઓના કેરીયર એડવાન્સમેન્ટ યોજના તથા ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્ત સેવાપોથી સહિત પગાર ચકાસણી એકમ, ગાંધીનગરને ચકાસણી અર્થે મોકલવામાં આવે છે. જ્યારે નિવૃત્ત થતાં કર્મચારીઓની પેન્શન દરખાસ્ત પણ સેવાપોથી સાથે મંજૂરી અર્થે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ગાંધીનગરને મોકલવામાં આવે છે. સેવાપોથીની ચકાસણી કરતા કર્મચારી હિન્દી પરીક્ષા/લાગુ પડતી ભાષા/CCC/CCC+ પાસ કરેલ ન હોય તો દરખાસ્ત વાંધા સહિત પરત મોકલી આપવામાં આવે છે.

ઉપસ્થિત થયેલ સદર વાંધાના કાયમી નિરાકરણના હેતુસર આથી યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, વહીવટી અધિકારી/કર્મચારીઓ ને જણાવવામાં આવે છે કે, આપના તાબા હેઠળના કર્મચારીઓએ SSC/HSC ની પરીક્ષા હિન્દી વિષય સાથે/લાગુ પડતી ભાષા પાસ કરેલ હોય, તથા ગુજરાત સરકાર દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવેલ પરિપત્રો અન્વએ CCC/CCC+માં મુક્તી મળવા પાત્ર હોય તો તેની સાધનિક રેકર્ડ સાથે તે અંગેની નોંધ સેવાપોથીમાં કરવા લેખિત યુનિવર્સિટી મહેકમ વિભાગને જાણ કરવી, અન્યથા સરકારશ્રીના વખતો વખત જારી કરવામાં આવેલ ઠારવોને ધ્યાને રાખી હિન્દી પરીક્ષા/લાગુ પડતી ભાષા/CCC/CCC+ પરીક્ષા પાસ કરવાની રહે છે, તેમજ પરીક્ષા પાસ કર્યેથી તેની નોંધ સેવાપોથીમાં કરાવાની રહેશે.

કા.કુલસચિવ

નંબર:બી/સીસીસી/૪૪૧૩
વલ્લભ વિદ્યાનગર
તા:૧૬/૦૧/૨૦૨૧

નોંધ : સીસીસી, સીસીસી પ્લસ, તેમજ લાગુ પડતી ભાષા અંગેના પરિપત્રો યુનિવર્સિટી વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.

**નકલ સવિનય રવાના:-**

(૧) યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, વહીવટી અધિકારી/કર્મચારીઓ તરફ જાણ સારૂ.